# સલાલ ખાતે ગુજરાતી ફિલ્મનું શુટિંગ જોવા ગ્રામજનો ઉમટ્યા

## મેગા સ્ટાર નરેશ કનોડીયાને જોવા પડાપડી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે આવેલ મા દશામાં મંદિર ખાતે આવેલ વિશાળ ચોકમાં ગુજરાતી ફિલ્મનું શુટીંગ યોજાયું હતું જેમાં ગુજરાતી ફિલ્મોના મેગાસ્ટાર નરેશ કનોડીયાને જોવા લોકો ઉમટી પડ્યા.





સલાલ ખાતે આવેલ શ્રી દશામાં મંદિરમાં ગુજરાતી ફિલ્મ 'અમર તુ રાખજે માં મારો ચુડી ને ચાંદલો' નામની ફિલ્મના છેલ્લા દશ્યો સલાલ ખાતે યોજાયું હતું. જ્યારે મોટાભાગનું શુટીંગ આણંદ તથા નડિયાદમાં યોજાયું છે જ્યારે એક આરતીનું શુટીંગ સલાલ ખાતે થતાં ગુજરાતી ફિલ્મના મેગાસ્ટાર નરેશ કનોડીયાને તથા શુટીંગ જોવા સલાલ તથા આજુબાજુમાંથી ગ્રામજનો ઉમટી પડ્યા હતા. જ્યારે ફિલ્મના નિર્માતા પ્રવિણ રાવત તથા જયમીન શર્મા તથા દિર્ગદર્શક ધીરેન્દ્ર રાંધેજા ફિલ્મના મુખ્ય કલાકાર તરીકે સંજય મૌર્ય, સની ખત્રી, ઉર્વી તેમજ ડીમ્પલે ભૂમિકા ભજવી છે. જ્યારે નરેશ કનોડીયાએ વિશિષ્ટ ભૂમિકામાં રોલ અદા કર્યો છે. જ્યારે ફિલ્મ ગીત પ્રવિણ રાવત તથા દર્શનાએ ગાયા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકો ગુજરાતી ફિલ્મના સુપરસ્ટારને રૂબરૂ નિહાળવા માટે તથા ફિલ્મના શુટીંગના દશ્યો નિહાળવા પડાપડી જોવા મળી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# અરવલ્લી જિલ્લામાં ૭૭ તલાટીઓની જગ્યા ખાલી

## વારંવારની વહીવટી કામગીરી ખોરવાતા અરજદારોમાં આક્રોશ

મોડાસા, તા. ૫

રાજ્યના ગતિશીલ ગુજરાત કાર્યકાળને વેગ આપી શકે અને સરકારી યોજનાઓ ગ્રામ્ય કક્ષા સુધી પહોંચાડી પ્રજા ઉપયોગી બનાવી શકે તેવી પંચાયત રાજમાં મહત્ત્વની ગણાતી તલાટી કમ મંત્રીની ૭૭ જગ્યાઓ અરવલ્લી જિલ્લામાં ખાલી હોઈ ગ્રામ્ય પ્રજાને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે.

જિલ્લાના તાલુકાની ૩૨૦ ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીની જગાઓના મંજૂર મહેકમ ૨૬૧ સામે માત્ર ૧૮૪ જગાઓ ભરાયેલ છે. ચાવીરૂપ જગાઓ ખાલી હોઈ વહીવટ કથળ્યો છે. જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ પટેલના જણાવ્યા મુજબ જિલ્લામાં વર્ગ-૧થી માંડી સેવક સુધીની અનેક જગ્યાઓ ખાલી છે. જે હાજર છે તેઓ મહોત્સવો અને મીટીંગોમાં રોકાઈ રહેતા હોઈ પ્રજાના કામો રખડી પડે છે. તલાટીઓ ઉપરાંત ડેપ્યુટી ટીડીઓની-૧, ચીટનીશની-૧, સિનીયર ક્લાર્ક, વિસ્તરણ અધિકારી અને સર્કલ સહિત ડીડીઓ અને પંચાયત પ્રમુખના પીએ સહિતની જગ્યાઓ પણ ખાલી છે. ક્લેક્ટર કચેરીમાં અગત્યની જિલ્લા પુરવઠા અધિકારીની જગ્યા છેલ્લા ત્રણ-ચાર માસથી ખાલી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી -૧, નાયબ ક્લેક્ટરની-૩ જગ્યા, ચીટનીશ-૧, મોડાસા મામલતદાર સહિતની કેટલીય જગ્યાઓ ખાલી છે. સરકારે લોકોના કામોનો ઝડપી ઉકેલ લાવવા તમામ જગ્યાઓ ઉપર નિમણૂક અને બેરોજગાર યુવાનોની ભરતી કરવા માંગ ઉઠી છે.

# મોડાસામાં વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસની લાલ આંખ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર શિક્ષણનગરી અને આરોગ્યધામ તરીકે સમગ્ર પંથકમાં જાણીતુ હોવાથી અને જિલ્લાનું વડુમથક બનવાથી મોડાસા શહેરમાં જિલ્લામાં સમાવેશ તાલુકાઓ અને ગામડાઓની પ્રજાની અવર-જવર ખુબજ મોટા પ્રમાણમાં રહેતા મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યાએ ગંભીર રૂપ ધારણ કરી રહી છે. ત્યારે મોડાસા ટાઉન પોલીસે ટ્રાફિકના નિયમોનું ભંગ કરતા વાહનચાલકો સામે લાલ આંખ કરતાં મહદ્અંશે ટ્રાફિકની સમસ્યા ઉકેલવામાં સફળતા મળશે તેવું લાગી રહ્યું છે.

મોડાસા શહેરના બસ સ્ટેન્ડથી ડિપ વિસ્તાર સુધી માલપુર રોડ મેઘરજ રોડ અને બસસ્ટેન્ડ પાછળના ભાગે ટ્રાફિકની સમસ્યા ઘેરી બની રહી છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ચાર્જ સંભાળતાની સાથે મંગળવારે પી.એસ.આઈ. દેસાઈએ મુખ્ય માર્ગ પર મોટા



વાહનો અને ટુ વ્હીલર સાધનો ગમે તે જગ્યાએ આડેધડ પાર્ક કરીને જતા રહેતા વાહનચાલકોની સામે કાર્યવાહી હાથ ધરતાં પ્રજાજનોમાં આનંદ છવાયો છે.

મોડાસાના પી.એસ.આઈ. દેસાઈના જણાવ્યા અનુસાર મોડાસા શહેરના વાહનચાલકો અને શહેરની મુલાકાતે આવતા પ્રજાજનો પોતાના વાહનો પાર્કીંગઝોનની અંદર પાર્ક કરવાને બદલે મુખ્યમાર્ગ પર આડેધડ મનફાવે તેવી રીતે પાર્ક કરીને કામકાજ અર્થે જતા રહેતા ટ્રાફિકના નિયમનો સદંતર ભંગ કરતાં મોડાસા શહેરના મુખ્યમાર્ગો પહોળા હોવા છતાં વારંવાર ટ્રાફિક સમસ્યાનું નિર્માણ થતુ હોવાથી ટાઉન પી.આઈ. ચૌધરીની સુચનાથી પી.સી.આર.વાન અને ટ્રાફિક પોલીસ દ્વારા મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા કવાયત હાથ ધરી હતી. અચાનક ટ્રાફિકના જવાનો દ્વારા દંડનીય કાર્યવાહિ થતાં મોડાસા બસસ્ટેન્ડ એરીયામાં આડેધડ પાર્કિંગ કરી જતા રહેતા વાહનચાલકોમાં દોડધામ મચી હતી. જ્યારે વાહનચાલકો ટ્રાફિક જવાનો સામે માથાકુટ કરતા દશ્યો પણ જોવા મળ્યા હતા.

(જય અમીન, મોડાસા)

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



ખેડબ્રહ્માના કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર ઈડરના સહયોગથી બનાસકાંઠામાં પુરગ્રસ્ત વિસ્તારના લોકો માટે ૫ ટન અનાજ એકઠુ કરી બુધવારના રોજ ખેડબ્રહ્મા પ્રાંત ઓફિસર વિશાલ આર. સકસેનાની ઉપસ્થિતિમાં રવાના કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મામલતદાર એચ.એન. મોદી, સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ પરમાર સહિત કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસામાં મહિલા આરોગ્ય દિવસ ઉજવણી

મોડાસા, તા. ૫

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અન્વયે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર મહિલા આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લાના તમામ ૩૨ પી. એસ. સી. કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, બાયડ સામુહિક આરોગ્ય કેન્દ્ર શામળાજીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સમાજની મહિલાઓ શારીરિક રીતે તંદુરસ્ત હોય તો સમગ્ર સમાજ સ્વસ્થ બને તે માટે રાજ્ય સરકારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય સંબંધી અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી રાજ્યમાં માતા અને બાળ મૃત્યુ દર ઘટાડવા માટે ચિંરીજીવી યોજનાની અમલવારી કરી છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલ, આરોગ્ય અધિકારી નાયક સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ડૉ. મૌલિકે મહિલાઓની તપાસણી કરી, જરૂરી માર્ગદર્શનની સાથે સાથે જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યુંહતુ. ડૉ. કૈશલ પંડ્યાએ મહિલાઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

## ખેડબ્રહ્માના સુથાર સમાજના અગ્રણીનું અવસાન

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્માના ઉંચીધનાલ ગામના રહીશ વડાલી સસાવીસ સુથાર સમાજના અગ્રણી અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા નિવૃત્ત શિક્ષક ગંગારામ માધવરામ મિસ્ત્રીનું ૮૫ વર્ષની વયે ટુંકી માંદગી બાદ બુધવારે અવસાન થયું છે. તેમના અવસાનથી ઉંચીધનાલ ગામ અને વડાલી સસાવીસ સુથાર સમાજમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. સદ્ગતને પ્રાથમિક શિક્ષક તરીકેની સેવાઓ બદલ રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

## ભિલોડામાં મેશ્વો શાળા વિકાસ સંકુલની બેઠક યોજાઈ

ભિલોડા, તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા શ્રીમદ્ જસીંગબાપા એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા મંદીરના હોલમાં મેશ્વો શાળા વિકાસ સંકુલની બેઠકમાં જીલ્લા શિક્ષણાધિકારી કચેરી એજ્યુંકેશન ઈન્સપેક્ટર કિરીટભાઈ પટેલ, એમ. એસ. ખાંટ ઉપસ્થિત રહ્યા હતા. ૭૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળાની માહિતી નિયમીત આપવી, ધોરણ.૧૦, ૧૨માં ૩૦ ટકાથી ઓછા પરીણામ આપનાર શાળાના કર્મચારીઓના સેમીનાર યોજવા, સાયકલ સહાય સહિતની વિગતવાર ચર્ચાઓ કરી હતી.

## મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૫

મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલાને લગતા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આગામી ૭ ઓગષ્ટ શુક્રવારે મહિલા શિક્ષણ દિવસનો કાર્યક્રમ મહેસાણા જિલ્લામાં આવેલ કમળાબા હોલ ખાતે ૯.૩૦ કલાકે કરાશે. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ જે.એલ. પટેલ અને શિક્ષણ સમિતિના ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## મહેસાણા જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

મહેસાણા જિલ્લાના નાગરિકોને પડતી સમસ્યાઓના નિરાકરણ માટે જિલ્લાકક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. આગામી ૨૭ ઓગષ્ટના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

## મહિલા આરોગ્ય દિવસની ઉજવણી

મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા આરોગ્ય દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. મહેસાણા જિલ્લાના નાગલપુર, લાખવડી ભાગોળ અર્બન હેલ્થ સેન્ટર, ઊંઝા કોટેજ હોસ્પિટલ, કડી, વિજાપુર, ખેરાલુમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, વિસનગર અને વડનગર જનરલ હોસ્પિટલ વગેરે જગ્યાઓ પર તાલુકા કક્ષાએ મહિલા, કિશોરીઓ તેમજ બાળકોની તપાસ વિના મૂલ્યે કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લાભાર્થી બહેનોએ લાભ લીધો હતો.

# ડીસાની ટેટોડા ગૌશાળાને ડીસા માર્કેટયાર્ડ દ્વારા ૧૦૦ તાડપત્રીની ભેટ

## ડીસા માર્કેટયાર્ડ દ્વારા વધુ ૧.૭૦ લાખનું અનુદાન

ડીસા, તા. ૫

બનાસકાંઠા જિલ્લાની સૌથી મોટી ગણાતી શ્રી રાજારામ ગૌશાળા ટેટોડાને ભારે વરસાદના કારણે કરોડો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે. ત્યારે હાલમાં ગાયોના વાછરડાના આવાસ અને ઘાસચારાના સંગ્રહ માટે ડીસા માર્કેટયાર્ડ દ્વારા રૂ. ૧.૭૦ લાખના ખર્ચે ૧૦૦ તાડપત્રી આપવામાં આવી હતી.

ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે બનાસકાંઠા જિલ્લાની અગ્રણી શ્રી રાજારામ ગૌશાળા ટેટોડામાં પુર આવતા ગૌશાળાના શેડ સહિત ઘાસચારો પણ નષ્ટ થવા પામ્યો છે. જ્યારે ગૌશાળામાં ત્રણ હજારથી વધુ ગાયો પણ મોતને ભેટી છે. ત્યારે અનેક સેવાભાવી સંસ્થાઓ ગૌશાળાને પુનઃ બેઠી કરવા માટે કામે લાગી છે. જેમાં ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા ગૌશાળાને રૂ. ૫ લાખનું અનુદાન આપ્યા બાદ ગૌશાળામાં વાછરડાના આવાસ અને ઘાસચારાના સંગ્રહ માટે ૧૦૦ જેટલી તાડપત્રીની માંગણી કરતા ડીસા માર્કેટયાર્ડ દ્વારા વધુ રૂ. ૧.૭૦ લાખની કિંમતની ૧૦૦ તાડપત્રી ટેટોડા ગૌશાળાને દાન કરી છે.

## બાયડમાં જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાશે

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં આગામી સ્વાતંત્ર્ય પર્વ ૧૫, ઓગષ્ટની જિલ્લાકક્ષાની ઉજવણી બાયડ ખાતે રાજ્યના કૃષિ અને નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જશાભાઈ બારડની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

# મોડાસાની મેડીકલ સ્ટોરમાં વેચાતા મોતના સામાન સામે ઉહાપોહ



**મોડાસામાં બેરોકટોક વેચાતીએક્સપાયરી ડેટની દવાઓ : મોડાસાની સંજીવની હોસ્પિટલમાં આવેલી સંજીવની મેડીકલ આર્દશ નમુનો : દર્દીને એકસપાયરી ડેટના ઈન્જેકશનનો એક ડોઝ તો આપી દેવામાં આવ્યો : ડોઝ દર્દીને આપી દેવામાં આવ્યા પછી દર્દીના ભાઈએ ચેક કરતાં ભાંડો ફુટયો : નજીવા રૂપીયા કમાવા દર્દીઓના આરોગ્ય સાથે થતાં ચેડા**

મોડાસા, તા.૫

માનવ શરીર વર્તમાન સમયમાં વિવિધ રોગોનું ઘર બની ગયું છે. ત્યારે લોકોને ડગલે ને પગલે ડૉકટરોની દવા લેવી પડે છે. અત્યારના સમયમાં મોટાભાગની હોસ્પિટલોના કેમ્પસમાં જ ડૉકટરોની મિલીભગતથી કેટલાક મેડિકલ સ્ટોરવાળા બે ખૌફ બની દર્દીઓને મોતના સામાન સમાન એકસપાઈરી ડેટ દવાઓ પધરાવી દર્દીના જીવન સાથે ચેડા કરાય છે. એવો જ એક બનાવ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં બનતા દર્દીના સગાઓએ હોબાળો મચાવ્યો હતો.

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આવેલી સંજીવની હોસ્પિટલ કેમ્પસમાં જ ધમધમતી સંજીવની મેડિકલ સ્ટોર્સમાંથી આ જ હોસ્પિટલમાં દાખલ કરેલા અલ્લારખાભાઈ નામના વૃધ્ધ દર્દી માટે ડૉકટરે લખી આપેલ દવા મેડિકલમાંથી દર્દીના સગાઓએ લીધી હતી. આ દવા પૈકીના બે ઈન્જેકશન દર્દીને આપવામાં આવ્યા હતા. જેમાનું એક ઈન્જેકશન મોડી સાંજે અલ્લારખાભાઈને આપી દેવામાં આવ્યુ હતુ. જયારે બીજુ ઈન્જેકશન રાત્રે આપવાનુ હતુ. ત્યારે અપાયેલા ઈન્જેકશનના ખોખા પર લખેલી એકસપાયરી તારીખ દર્દીના સગાના ધ્યાને આવતા તે ચોંકી ઉઠયા હતા. આ બંન્ને ઈન્જેકશન એકસપાયરી ડેટ ધરાવતા હોવા છતા મેડીકલ અને તબીબની નિષ્કાળજીથી દર્દીને તકલીફ ઉભી થાય તેવા સંજોગો ઉભા થયા હતા. આ મામલે દર્દીના સગાઓએ હોબાળો મચાવી દર્દીના આરોગ્ય સાથે ચેડા કરનારા મેડિકલ સ્ટોર્સ માલિક અને હોસ્પિટલ સત્તાવાળા સામે તપાસ કરી કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. જયારે આ મામલે હોસ્પિટલ સત્તાવાળા કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.



(સમીર બલોચ, મોડાસા)

## દર્દીના ભાઈની જાગૃતતા

મોડાસાની સંજીવની હોસ્પીટલમાં આવેલ મેડીકલ સ્ટૉર્સમાંથી દવા ખરીદ્યા બાદ દવાનો એક ડોઝ દર્દીને અપાઈ ગયો હતો. ત્યારે બીજો ડોઝ અપાય તે પહેલા દર્દી અલારખાભાઈના ભાઈના ધ્યાન પર આ દવા એકસપાઈરી ડેટવાળી હોવાનુ જણાંતા તેઓએ હોસ્પિટલના ડૉકટરને આ બાબતે રજુઆત કરી હતી. પરંતુ ડોકટરે તેને સામાન્ય ભુલ જણાવી દવા બદલાવી લો તેઓ જવાબ આપ્યો હતો. જયારે દર્દીને એકસપાઈરી ડેટની દવાનો એક ડોઝ અપાઈ ગયો તેનુ શુ?



## ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ધ્વારા મેડિકલ સ્ટોર્સમાં તપાસ હાથ ધરાઈ

અરવલ્લી જીલ્લાના મોડાસાની સંજીવની હોસ્પીટલ કેમ્પસમાં જ આવેલ મેડિકલ સ્ટોર્સના માલિકે દર્દીને એકસપયર દવા આપી હતી. આ દવા બાબતે દર્દીના સગાએ હોબાળો મચાવી આરોગ્ય તંત્ર સમક્ષ રજુઆત કરાયા બાદ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીએ મેડિકલ સ્ટોર્સમાં તપાસ હાથ ધરી હતી. એકસપાયરી ડેટની દવા બાબતે ફરીયાદ કરનારનું નિવેદન લઈ તપાસ અધિકારીએ મેડિકલ સ્ટોર્સમાની દવાના જથ્થા અંગે તપાસ હાથ ધરતા સમગ્ર મોડાસા નગરમાં આરોગ્ય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. જયારે સંજીવની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓએ આ જ મેડિકલ સ્ટોર્સમાંથી દવાઓ લઈ સારવાર કરાવી હોવાથી દર્દીઓ પણ એકસપાયરી દવાનો ભોગ બન્યા હોવાની આશંકા વચ્ચે ગભરાઈ ગયા છે.



## ફાર્માસીસ્ટ વગર ધમધમતા મેડીકલ સ્ટોર્સ

અરવલ્લી જીલ્લાનુ મોડાસા શહેર આરોગ્ય નગરી તરીકે જાણીતુ બન્યુ છે. ત્યારે મેડીકલ સ્ટોર્સ પણ બીલાડીના ટોપ ની માફક ઠેરઠેર ખુલી ગયા છે. મોટાભાગે એક જ ફાર્માસીસ્ટની ડીગ્રી પર અનેક મેડીકલ સ્ટોર્સ ધમધમે છે. આવા મેડીકલ સ્ટોર્સ પર તુટી ફુટી અંગ્રેજી જાણતા વેપારીઓ જાણે કે કરિયાણાનો વેપાર કરતા હોય તેમ દવા વેચી રહયા છે.

## મેડીકલ માલીકોએ રાત્રીના સમયે એકસપાયરી ડેટ દવાઓનો જથ્થો સગેવગે કર્યાનો આક્ષેપ

સંજીવની હોસ્પીટલમાં ગઈકાલે રાત્રે એક દર્દી ને ઈંજેકશન આપવામાં આવ્યા હતા. જેમાથી એક ઈંજેકશન દર્દીને આપી દેવામાં આવ્યુ હતુ અને બીજુ ઈંજેકશન બાકી હતુ ત્યારે દર્દીના ભાઈ હબીબભાઈએ ઈંજેકશન ચેક કરતાં એકસપાયરી ડેટનુ હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જયારે આ મામલાને લઈને દર્દીના ભાઈ અને મેડીકલ સત્તાધીશો વચ્ચે ભારે ચકમક જરી હતી. એ ભુલ થઈ ગઈ છે તેવી માફી પણ માગી હતી ત્યારે આ અંગે હબીબભાઈ ધ્વારા મેડીકલ ઓફીસર નાયક અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં જાણ કરવામાં આવી હતી જેને લઈને મેડીકલ માલિકોએ રાત્રીનો લાભ લઈ રાત્રીના સમયે મેડીકલ ખોલી એકસપાયરી ડેટ દવાનો જથ્થો સગેવગે કરી નાખ્યો હોવાનો આક્ષેપ દર્દીના સગાઓ ધ્વારા કરવામાં આવ્યો હતો ત્યારે હોસ્પીટલના સીસીટીવી ફુટેજ ચેક કરી આગળની કાર્યવાહીહાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.